BARB રાષ્ટ્રીય ટીવી વ્યુઇંગ પૅનલમાં જોડાવું



# ટીવીના ભવિષ્યને ઘડવામાં મદદ કરો!

**www.shapingtv.co.uk**

કૃપા કરીને **020 3602 0717** પરના અમારા કૉલનો જવાબ આપવાનું ભૂલશો નહી

BARB BROADCASTERS' AUDIENCE RESEARCH BOARD | Ipsos | RSMB | KANTAR

GUJ સંસ્કરણ 10



**BARB ટીવી જોવાની રાષ્ટ્રીય પૅનલમાં** (BARB National TV Viewing Panel) **જોડાવા માટે રસ દાખવવા બદલ આપનો આભાર.**

**પૅનલના સદસ્યો તેમની જોવાની વર્તણૂકની આકારણી કરવા દઈને ટેલિવિઝન ઉદ્યોગમાં સીધો ફાળો આપે છે.**

**આપના ઘરને ખાસ પસંદ કરવામાં આવ્યું છે અને આપની સામેલગીરીની સમગ્ર ટેલિવિઝન ઉદ્યોગ દ્વારા કદર કરવામાં આવે છે. આપના જેવા ઇચ્છા દર્શાવતા ઘરો વિના તો અમે ક્યારેય જાણી ન શકીએ કે કોણ શું જોતું હતું.**

**આ પુસ્તિકા વડે અમારું લક્ષ્ય અમે ટીવી સેટ્સ, ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ પર વ્યુઇંગને કેપ્ચર કરવા માટે જે પ્રક્રિયાનો ઉપયોગ કરીએ છીએ, તેના વિશે તમને હોઈ શકે તેવા કોઈપણ પ્રશ્નોનો**


**સ્કૉટ જેકવેઝ**

**ટીવી ઑડિયન્સિસ ડિરેક્ટર**

Ipsos

## ટીવીના પ્રેક્ષકોનું માપન કેમ કરવામાં આવે છે?

ટીવી જોવાની રાષ્ટ્રીય પૅનલ (National TV Viewing panel) પર રહેલા ઘરોમાંથી એકઠી કરેલી વ્યૂઇંગ માહિતી વિવિધ કાર્યક્રમો કોણ જુએ છે અને ક્યારે જુએ છે તે બાબતે સ્પષ્ટતમ ચિત્ર પૂરું પાડે છે.

આ માહિતીનો ઉપયોગ પ્રસારકો દ્વારા કરવામાં આવે છે જેથી તેઓ પોતાના પ્રેક્ષકોને સમજી શકે. પૅનલમાં સહભાગી થવાથી આપ ટીવીના ભવિષ્યને પ્રભાવિત કરી શકશો.

## કોણ ભાગ લેશે?

દરેક જણ પૅનલનો ભાગ બની શકતા નથી; માત્ર કેટલાક હજાર ઘરો જ ભાગ લે છે.

સહભાગી થતાં ઘરો એવી રીતે સંભાવનાના આધારે પસંદ કરવામાં આવશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે પૅનલ યુકેના તમામ ઘરોનું સાચું પ્રતિનિધિત્વ કરે છે.

## મારું ઘર કેમ?

જેઓ કોઇક જ વખત ટીવી જોતા હોય કે ક્યારેય ટીવી ન જોતા હોય તેવા અને જેઓ ટીવી સેટ ધરાવતા જ ન હોય તેવા લોકો સહિત તમામ ઉંમરના અને પૃષ્ઠભૂ ધરાવતા લોકોને આવરી લેતા વસ્તીના પ્રતિનિધિક નમૂનાની આવશ્યકતા છે.

તમારા જેવા લોકોની ટીવી જોવાની (વ્યુઇંગ) આદતો પ્રતિબિંબિત થઈ શકે તે માટે તમે ભાગ લો એવી અમારી ઇચ્છા છે.



## આ કેવી રીતે કામ કરે છે?

તમારા ઘરમાંના દરેક જણ માટે ટીવી સેટ્સ, ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ પર થયેલ વ્યુઇંગને માપવામાં આવે છે.

**આમ કરવા માટે:**

- ઘરમાં રહેતા દરેક વ્યક્તિએ સંમત થવાનું હોય છે
- અમે દરેક ટીવી સેટ સાથે એક નાનું ટેબલેટ જેવું ઉપકરણ મુકીએ છીએ જેઅમને જોવામાં આવતા કાર્યક્રમો અને તે ઘરનાં કયા સભ્ય જુએ છે તે ઓળખવામાં મદદ કરે છે.
- એક બીજું નાનું ઉપકરણ પણ હોય છે, જેને સીધું તમારા બ્રૉડબેન્ડ રાઉટર સાથે કનેક્ટ કરવામાં આવે છે જેથી અમે તમારા નેટવર્ક પરના ટેબલેટ્, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ પર વ્યુઇંગ વિશેની માહિતી એકઠી કરી શકીએ.



## ગોપનીયતા

BARB દ્વારા જે સંશોધન એજન્સીઓને (Ipsos, Kantar, અને RSMB) કામ સોંપવામાં આવ્યું છે તે તમારી ઓળખ કોઇ પણ ત્રીજા પક્ષ સમક્ષ છતી કરશે નહીં અને તમારી તમામ વિગતોને કડકપણે ગોપનીય રીતે રાખવામાં આવશે.

તમારી અંગત માહિતી, અને તમારા ઘરના લોકો, BARB દ્વારા જેને કામ સોંપાયું છે તે રિસર્ચ કંપનીઓ દ્વારા જ રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ફક્ત આ અભ્યાસના સંબંધમાં જ કરવામાં આવશે.

## એક નજરે...

### ટીવી

- ટીવી મીટરને ઘરમાં રહેલ પ્રત્યેક ટીવી સાથે જોડવામાં આવે છે
- મીટર ધ્વનિના ફિંગરપ્રિન્ટ એકત્રિત કરે છે
- ધ્વનિને જાણમાં હોય એવી તમામ ટીવી સામગ્રીની સંદર્ભ પુસ્તકાલય સાથે મેળવવામાં આવે છે
- ઘરના સભ્યો પોતાની હાજરી એક સમર્પિત રિમોટ પર એક બટન દબાવીને અથવા પોતાનો અવતાર પસંદ કરીને નોંધાવે છે

### ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ

- ફોકલ મીટર ઘરના બ્રૉડબેન્ડ રાઉટર સાથે કનેક્ટ કરવામાં આવે છે
- ફોકલ મીટર ખાસ મનોરંજન ટીવી સર્વિસિસમાંથી માહિતી એકઠી કરે છે
- પેનલના સભ્યો વ્યુઇંગ સંબંધી વર્તણૂંક અને ડિવાઇસની માલિકી વિશેની માહિતી પૂરી પાડે છે

# ટીવી માટે: ટીવી મીટર

જ્યારે ટીવી ઑન કરવામાં આવે ત્યારે ટીવી મીટર જોવામાં આવતી ચેનલ્સ વિષે માહિતી એકત્રિત કરે છે.

તે આ કામ કોઇ પણ રીતે ટીવીમાં ખલેલ પહોંચાડ્યા વિના કરે છે અને તમે ઉપલબ્ધ સાધનો કેવી રીતે વાપરો છો તેના પર અસર કરશે નહીં.

ટીવી મીટર કાર્યક્રમના ધ્વનિનો ઉપયોગ શું જોવામાં આવી રહ્યું છે તે ઓળખવા માટે કરે છે.



## ફોકલ મીટર:

ફોકલ મીટર ફક્ત નિશ્ચિત ટીવી સેવાઓમાંથી માહિતી એકઠી કરે છે અને તમે અથવા તમારા ઘરના સભ્યો કોઈ બીજી વેબસાઇટ કે બીજા કોઇ એપ પર જે કંઈ કરો તેને જોઈ શકતું નથી. અમે ઇન્સ્ટંટ મેસેજિસ, ઈમેલ્સ કે બીજા અંગત સંચારને બિલકુલ વાંચી શકતા નથી.

ફોકલ મીટર દ્વારા માપવામાં આવતી બધી સેવાઓ અહીં જોવા મળી શકશે:
**www.virtualmeter.co.uk/focalmeter**

પ્રિંટ કરવાના સમયે આ છે: એકૉર્ન ટીવી, એપલ ટીવી+, બ્રિટબૉક્સ, ચિલી, ડેઇલીમોશન, DAZN, ડિઝની+, હાયુ, હાઈબ્રોવ, હૉપસ્ટર, નેટફ્લિક્સ, પ્લુટો ટીવી નૉન-લીનિયર URL, પૉપ પ્લેયર, પ્રાઇમ વીડિયો, રાકુટેન ટીવી, સેમસંગ ટીવી પ્લસ, ટિકટૉક, ટીવીપ્લેયર, ટ્વિચ, વેવો, વર્જિન મીડિયા નૉન-લીનિયર, W4FREE, યૂટ્યૂબ (અને ગૂગલ વીડિયો), યપ્પ ટીવી.

ફોકલ મીટરની તમારા બ્રૉડબેન્ડ કે ડિવાઇસિસની કામગિરી પર કોઈ ધ્યાન ખેંચાય તેવી અસર થશે નહીં.



## જો તમારી પાસે બ્રૉડબેન્ડ રાઉટર ન હોય તો: વર્ચ્યૂઅલ મીટર

જે ઘરોમાં બ્રૉડબેન્ડ રાઉટર ન હોય, તેમાં ફોકલ મીટર ઇન્સ્ટૉલ કરવાના બદલે દરેક ટેબલેટ, કમ્પ્યુટર અને સ્માર્ટફોન પર વર્ચ્યૂઅલ મીટર નામનું એક એપ ઇન્સ્ટૉલ કરવામાં આવશે. આ એપને ફોકલ મીટર જેવી જ માહિતી એકઠી કરવા માટે બનાવવામાં આવ્યું છે અને તે તમે અથવા તમારા ઘરના સભ્યો કોઈ બીજી વેબસાઇટ કે બીજા કોઈ એપ પર જે કંઇ કરો તેને જોઈ શકતું નથી.

આ એપ તમારા ડિવાઇસન જે રીતે કામ કરે છે તેને પ્રભાવિત કરશે નહીં.



## મારે વાસ્તવમાં શું કરવાનું રહેશે?

અમારે તે જાણવું જરૂરી છે કે જ્યારે ટીવી ઑન હોય ત્યારે રૂમમાં કોણ છે.

પ્રત્યેક ટીવી મીટર માટે તમને રિમોત કંટ્રોલ આપવામાં આવશે અને ઘરના પ્રત્યેક સભ્યને રિમોટ કંટ્રોલ પર એક સમર્પિત બટન ફાળવવામાં આવશે. તમે તમારો અવતાર સિલેક્ટ કરીને પણ મીટર ટચ સ્ક્રીનમાં લૉગઇન કરી શકશો.



અમારા માટે જરૂરી છે કે તમે ત્યારે તમારું બટન દબાવો અથવા તમારો અવતાર સિલેક્ટ કરો જ્યારે:

- તમે રૂમમાં હો અને ટીવી ઑન કરવામાં આવે
- તમે રૂમમાં દાખલ થાવ અને ટીવી ઑન હોય
- તમે રૂમમાંથી બહાર નીકળો અને ટીવી ઑન હોય

તમારા ઘરે આવનારા મહેમાનોની નોંધણી માટે અલગ બટનો હોય છે.

ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ માટે  ઇન્સ્ટૉલેશનની પ્રક્રિયા પૂરી થઈ જાય પછી તમારે કંઈજ કરવાનું નથી. ફોકલ મીટર આપોઆપ બધું કરે છે.

અમારી પાસે પૅનલ મેનેજરો છે જેઓ કોઇ પણ પ્રશ્નોના જવાબો આપવા ઉપલબ્ધ રહેશે. તેઓ તમને પહેલા થોડા મહિના સુધી બધું કેવું ચાલી રહ્યું છે તે જાણવા માટે કે પછી જો તેમને ડેટામાં કંઇક અનપેક્ષિત જણાઈ આવે તો તમને કૉલ કરી શકે છે.

## તમારો વ્યુઇંગ ડેટા અમને પાછો કેવી રીતે પ્રાપ્ત થાય છે?

દરેક ટીવી મીટર આખા દિવસ દરમિયાન અમને ડેટા મોકલે છે, જેના માટે તે સામાન્ય રીતે તમારા વાઈ-ફાઈ નેટવર્કનો ઉપયોગ કરે છે, અથવા પછી ઇંટિગ્રેટેડ સિમકાર્ડનો ઉપયોગ કરે છે.

તમારે કંઇજ કરવાનું નથી અને ડેટા મોકલવામાં તમને કોઈ જ ખર્ચ થશે નહીં.

જો કોઈ વાઇ-ફાઈ મોબાઇલ નેટવર્ક ન હોય, તો તમારી લેન્ડલાઇન મારફતે એક ફ્રીફોન નંબરનો ઉપયોગ કરવામાં આવશે. આમાં પણ તમને કોઇ ખર્ચ થશે નહીં.





## ઇન્સ્ટૉલેશન પ્રક્રિયા:

પૅનલનું પ્રચાલન BARB વતી કાન્ટાર (Kantar) દ્વારા થાય છે. કાન્ટાર (Kantar) ના ટેકનિશ્યનો પૈકી એક તમને ફાવે તે સમયે સાધનો ઇન્સ્ટૉલ કરવા માટે તમારા ઘરની મુલાકાત લેશે.

### ટેકનિશ્યન આ પ્રમાણે કરશે:

- પ્રત્યેક ટીવી સેટ સાથે ટીવી મીટર જોડશે
- પ્રત્યેક ટીવી મીટર માટે રિમોટ કંટ્રોલ સેટ કરશે
- તમારા બ્રૉડબેન્ડ રાઉટર સાથે ફોકલ મીટર જોડશે
- ઉપકરણ બરાબર કામ કરે છે તે તપાસશે
- તમારા વ્યુઇંગને કેવી રીતે રજિસ્ટર કરવું તે બતાવશે
- તેઓ ઇન્સ્ટૉલ કરે તે ઉપકરણ વિશે તમને હોય તે સવાલોના જવાબ આપશે




જે કાંઇ પણ કરવામાં આવશે તેનાથી તમારા ટીવી સેટ, ટેબ્લેટ કે કમ્પ્યુટર્સ  કે સ્માર્ટફોન્સ જે રીતે કામ કરતા હશે તેના પર કોઇ અસર થશે નહીં.

### આમાં કેટલો સમય લાગશે?



અમે ભલામણ કરીએ છીએ કે તમે આખી પ્રક્રિયા માટે થોડા કલાકનો સમય ફાળવો; જો કે, આનો આધાર તમારા ઘરમાં રહેલા ટીવી સેટ્સ, ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સની સંખ્યા પર રહેશે અને તેમાં અનુકૂલન કરીને તેને એકથી વધુ મુલાકાતોમાં વહેંચી શકાશે, જો તમારા માટે તે વધુ સગવડભર્યું હોય.

ઇન્સ્ટૉલેશન કરવાના સમયની પુષ્ટિ ત્યારે થશે જ્યારે કાન્ટાર (Kantar) ટેકનિશ્યનની મુલાકાત માટે એપોઇન્ટમેન્ટ લેવા તમારો સંપર્ક કરશે.



## બ્રૉડબેન્ડ રાઉટર વિનાના ઘરો:

જે ઘરોમાં બ્રૉડબેન્ડ રાઉટર ન હોય, તેમાં ફોકલ મીટર ઇન્સ્ટૉલ કરવાના બદલે દરેક ટેબ્લેટ, કમ્પ્યુટર અને સ્માર્ટફોન પર એક એપ ઇન્સ્ટૉલ કરવામાં આવશે. જો કોઈ ડિવાઇસ ઇન્સ્ટૉલેશનના દિવસે ઉપલબ્ધ ન હોય, તો અમે તમને ક્યાં તો હેલ્પડેસ્કને કૉલ કરવા અથવા જે ડિવાઇસ ઉપલબ્ધ ન હોય તેમાં વર્ચ્યૂઅલ મીટર એપ ઇન્સ્ટૉલ કરાવવા બીજી એપૉઇન્મેન્ટ લેવા કહીશું. જો ઉપલબ્ધ ન હોય તે ડિવાઇસ એક સ્માર્ટફોન અથવા ટૅબલેટ હોય, તો આ ફોન પર કરી શકાશે. જોકે, જો તે કોઈ ડેસ્કટૉપ અથવા લેપટૉપ હોય, તો અમારે તેને ઇન્સ્ટૉલ કરાવવા માટે એક બીજી ટેક્નિશિયન વિઝિટ બુક કરવી પડશે.



## હવે શું થશે?

આગામી થોડા દિવસોમાં, અમે તમને નીચેની બાબતોની પુષ્ટિ કરવા કૉલ કરીશું:

- અમે તમારો સંપર્ક કરી શકીએ તે માટે અમારી પાસે તમારો નંબર છે
- અમારી પાસેની બાબતની વિગતો સાચી છે
- ઘરના બધા સભ્યો સમજે છે કે આમાં શું થશે અને તેઓ ભાગ લેવા સંમત થયા છે

અમારી પાસે આની પુષ્ટિ આવી જાય પછી અમે તમારા ઘરમાં ઇન્સ્ટૉલ કરી શકીએ, માટે આ નંબર પર અમારા તરફથી એક કૉલની રાહ જોતા રહેશો:

**020 3602 0717**

તમે આ નંબર પોતાના ફોન પર સેવ કરી શકો છો જેથી તમને જાણ થઈ શકે કે અમે કૉલ કરી રહ્યા છીએ.

એક વખત પુષ્ટિ થઈ જાય એટલે કાન્ટાર (Kantar) ટૅકનિશ્યનની મુલાકાત માટે એપોઇન્ટમેન્ટ લેશે અને તેઓ રિવૉર્ડ્સ સ્કીમ સેટ અપ કરશે.

તે દરમિયાન, જો તમને પૅનલ વિષે કોઇ પ્રશ્નો હોય તો કૃપા કરીને કામના કલાકો દરમિયાન ઇપસોસ મોરી (Ipsos) ની ટીમને ફ્રીફોન નંબર **0808 129 6827** નો ઉપયોગ કરી કૉલ કરવા કરી શકશો નહીં.

વૈકલ્પિક રીતે, તમે ટીમને ઇમેલ કરી શકો અહીં **shapingtv@ipsos.com**

BARB વ્યુઇંગ પૅનલ વિષે વધુ માહિતી અમારી નીચે આપેલ વેબસાઇટની મુલાકાત લઈને પણ મેળવી શકશો **www.shapingtv.co.uk**

# વારંવાર પૂછાતા પ્રશ્નો

## “હું પૅનલ પર કેટલા સમય માટે હોઈશ?”

તે તમારી મરજીની વાત છે. તમે પૅનલમાં જોડાવ પછી તમારે કેટલો સમય પૅનલમાં રહેવું જોઈએ તેની કોઈ પ્રતિબદ્ધતા નથી. સામાન્યપણે અમે લોકો પાસેથી ઓછામાં ઓછા થોડા મહિનાની પ્રતિબદ્ધતા મેળવવાની અપેક્ષા રાખીએ છીએ પરંતુ ઘણા તો અનેક વર્ષો સુધી ચાલુ રહે છે.

## “અમારા વ્યુઇંગ ડેટાનું શું થશે?”

માહિતીનો ઉપયોગ તે સમજવા માટે કરાશે કે લોકો ટીવી અને મનોરંજન પૂરૂં પાડતી સર્વિસિસ કેવી રીતે જુએ છે. આખા દેશમાંથી અન્ય ઘરોમાંથી પણ વ્યુઇંગ ડેટા આખી રાત એકસાથે એકત્રિત કરવામાં આવે છે. અગાઉના દિવસના કાર્યક્રમોના પ્રેક્ષક આંકડા પ્રસારણકર્તાઓ અને જાહેરખબર આપનારાઓને આપવા માટે પ્રત્યેક સવારે 09:30 વાગે આ વ્યુઇંગ ડેટા BARB દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

## “હું મારા ટેબલેટ/કમ્પ્યુટર/સ્માર્ટફોન પર ટીવી જોતો/જોતી નથી. શું તેમ છતાં તેના પર દેખરેખ રાખવી જરૂરી છે?”

હા, તેના પર હાલ ટેલિવિઝન જોવાતું હોય કે નહીં, કે પછી ફક્ત કામના ઉદ્દેશ્યો માટે વપરાશમાં લેવાતું હોય, અમારે બધાં ટેબ્લેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સની દેખરેખ રાખવી જરૂરી છે.

આનાથી સમર્થન મળે છે કે કોઇ વ્યુઇંગ કરવામાં આવ્યું નથી અથવા જ્યારે લોકો જોવાનું શરૂ કરે છે ત્યારે દર્શાવી દે છે.

## “શું મને કોઇ ખર્ચ થશે?”

ટીવી મીટરો અને ફોકલ મીટરને નિરંતર વીજળીની જરૂર પડે છે અને વળતરની ચુકવણીનો એક ભાગ તે જે નાની માત્રામાં વીજળીનો ઉપયોગ કરે છે તેનો ખર્ચ ચૂકવવા માટે છે.

દરેક ટીવી મીટર લગભગ 0.15kWh થી ઓછાનો ઉપયોગ કરે છે, જેની કિંમત દિવસ દીઠ આશરે 4p થાય છે. ફોકલ મીટર આશરે 0.04kWh વાપરે છે, જેની કિંમત દિવસ દીઠ લગભગ 1p થાય છે.

## “શું મારે આખી રાત મારા રાઉટર અને ફોકલ મીટરને પ્લગ-ઈન કરેલા રાખવા પડશે?”

એક વાર ઇન્સ્ટૉલ થઈ ગયા પછી અમે તમને તમારું ફોકલ મીટર અનપ્લગ ન કરવા કહીશું.

તમારું રાઉટર પ્લગ ઇન કરેલું રાખવું સારું રહેશે, કારણકે તેનાથી ફોકલ મીટર અમને ડેટા પાછો મોકલી શકે છે.

## “જ્યારે હું ઓનલાઇન બેંકિંગનો ઉપયોગ કરું અથવા સુરક્ષિત વેબસાઇટમાં લૉગ ઇન કરું ત્યારે શું તમે મારું વપરાશકર્તાનામ, પાસવર્ડ, અથવા મારું બેંકનું બેલેંસ જોઈ શકો છો?”

ના, ફોકલ મીટર અને વર્ચ્યૂઅલ મીટર ઍપને એવી રીતે કન્ફિગર કરવામાં આવ્યાં છે કે તેનાથી માત્ર નક્કી કરાયેલ સંખ્યાની સેવાઓનો ટ્રાફિક જ માપવામાં આવે છે.

## મારા ટીવી સેટ સાથે જોડવામાં આવેલું ડિવાઇસ કેટલું મોટું છે?

એ એક 7" નું ટેબલેટ છે જેનું કદ 188 x 110 x 21mm છે.

## “શું ફોકલ મીટરથી મારી બ્રૉડબેન્ડ સ્પીડ અસર પામશે?”

રાઉટર અને ફોકલ મીટર વચ્ચે ડેટા ટ્રાંસફર કરવામાં આવે છે પણ અપલોડ સ્પીડ પર તેની અસર નગણ્ય હોય છે. ડાઉનલોડ સ્પીડ પર કોઈ અસર થતી નથી કારણ કે આવનારા ટ્રાફિકને રોકવામાં આવતો નથી.

## “શું તમે મારા ડેટાને જાહેરાતકારો અથવા માર્કેટર્સને વેચો છો જેથી તેઓ મને જંક ઇમેલ્સ અથવા ઉપદ્રવી ટેલિફોન કૉલ્સથી લક્ષ્ય બનાવી શકે?”

ના, અમે ગેરંટી આપીએ છીએ કે BARB પૅનલમાં તમારી સહભાગિતા ક્યારેય એવા કોઈપણ કૉલ્સ, ઇમેલ્સ અથવા પોસ્ટમાં પરિણમશે નહીં જે BARB પૅનલ સાથે સીધો સંબંધ ન ધરાવતાં હોય. અમે પ્રકાશિત કરીએ છીએ તે વ્યુઇંગ સંબંધી બધાં આંકડા સંપૂર્ણપણે અનામી કરી નાખવામાં આવે છે.

## “મને ચિંતા છે કે તમે મારા ઇમેલના ખાતા પર દેખરેખ રાખશો અને મારા બધાં મિત્રોને જંક અથવા સ્પૅમ મોકલવા માટે મારી સંપર્કની યાદીની પહોંચ મેળવશો.”

ના, અમે ટેબલેટ, કમ્પ્યુટર કે સ્માર્ટફોન પર સંઘરાયેલા કે જોવાયેલા કોઈ ઈમેલ, દસ્તાવેજ કે સંપર્કોની યાદી સુધી પહોંચી શકતા નથી. અમે ઇન્સ્ટંટ મેસેજિસ, ઈમેલ્સ કે બીજા અંગત સંચારને બિલકુલ વાંચી શકતા નથી.

## ઇપસોસ (Ipsos) વિષયક

ઇપસોસ (Ipsos) BARB વતી કાર્ય કરતી એક સ્વતંત્ર સંશોધન કંપની છે. ઇપસોસ (Ipsos) BARB રાષ્ટ્રીય ટીવી વ્યુઇંગ સર્વે (National TV Viewing Survey) હાથ ધરે છે અને ટીવી પૅનલમાં જોડાવા માટે લાયકાત ધરાવતા ઘરો પસંદ કરેલ છે.

વધુ માહતિી માટે **www.ipsos.com** ની મુલાકાત લો

## કાન્ટાર (Kantar) વિશે

કાન્ટાર (Kantar) એક સંશોધન કંપની છે જેને BARB દ્વારા ટીવી વ્યુઇંગ પૅનલનું સંચાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે, **www.kantar.com** ની મુલાકાત લો.

## RSMB વિષયક

RSMB તે BARB વતી એકંદર સંશોધનની પદ્ધતિ, આંકડાકીય રચના અને ગુણવત્તા નિયંત્રણ માટે જવાબદાર છે.

વધુ માહિતી માટે, **www.rsmb.co.uk** ની મુલાકાત લો.

## BARB વિષયક

BARB, ધી બ્રૉડકાસ્ટર્સ ઑડિયન્સ રિસર્ચ બોર્ડ (Broadcasters' Audience Research Board) ટીવી ઉદ્યોગને મુખ્યત્વે ટેલિવિઝન કાર્યક્રમો, ચેનલો અને જાહેરાતો માટે વ્યુઇંગના આંકડા પૂરા પાડે છે. તે ઓનલાઇન પ્રોગ્રામ્સ અને ઑનલાઇન વિતરિત કરાતા વિડિયોના ડેટા એકત્રિત કરે છે.

BARB ની માલિકી સંયુક્તપણે BBC, ITV, Channel 4, Channel 5, Sky, UKTV અને IPA ધરાવે છે.

BARB અન્ય પ્રસારણકર્તાઓની વિશાળ શ્રેણીને પણ પ્રેક્ષકોના આંકડા પૂરા પાડે છે.

વધુ માહિતી માટે, **www.barb.co.uk** ની મુલાકાત લો.

BT Sport
CN CARTOON NETWORK
CBS action
Discovery
dunya
EUROSPORT
food network
horror channel
HUM EUROPE
MTV
NDTV 24x7
Paramount
pick
PoP
PTC PUNJABI
S4C
SONY SAB
sky HISTORY
Talking Pictures TV
UNIVERSAL CHANNEL
Utsav Gold HD
W

## સારાંશ

અમે ઇચ્છીશું કે તમારું ઘર અમને ટીવીના ભવિષ્યને આકાર આપવામાં મદદરૂપ થવા માટે BARB પૅનલમાં જોડાય અને અમને તમારી વ્યુઇંગ સંબધી વર્તણૂંકને માપવા દે. ઘરમાંના તમામ ટીવી સેટ્સ, ટેબલેટ્સ, કમ્પ્યુટર્સ અને સ્માર્ટફોન્સ પરનું વ્યુઈંગ દરેક ટીવી સેટ સાથે એક ટીવી મીટર કનેક્ટ કરીને અને ઘરના બ્રૉડબેન્ડ રાઉટર પર એક ફોકલ મીટર ઇન્સ્ટૉલ કરીને કેપ્ચર કરવામાં આવે છે.

ઘરમાંના બધા જ લોકોએ એક સમર્પિત રિમોટનો ઉપયોગ કરીને ટીવી પરના તેમના વ્યુઇંગને રજિસ્ટર કરીને ભાગ લેવાનો રહેશે. બીજા ડિવાઇસ પર ઑનલાઇન વ્યુઇંગને આપોઆપ એકત્ર કરવામાં આવે છે અને એક વાર રજિસ્ટર કરી લીધા પછી, તેના માટે ઘરના બીજા સભ્યો પાસેથી આગળ કોઈ સામેલગીરીની જરૂર હોતી નથી.

આભાર માનવાના રૂપે ઘર અને વ્યક્તિઓ પૅનલ પર હોય ત્યારે પોઈન્ટ એકત્રિત કરે છે, જેનો હાઈ સ્ટ્રીટ વાઉચર અને માલ માટે વિનિમય કરી શકાય છે.

## ભૂલશો નહીં, આગામી પગલાં:

1. તે ખાતરી કરવા કે અમારી પાસે બધી વિગતો સાચી છે અને તે જાણવા કે તમે ખુશીથી ચાલુ રહેવા માંગો છો અમે તમને કૉલ કરીશું, કૉલ અહીંથી આવશે:

   **020 3602 0717**

   જો અમે આપનો સંપર્ક આગામી 7 દિવસમાં ન કરી શકીએ, તો અમને આ જ ફ્રીફોન નંબર પર મુક્ત રીતે કૉલ કરી શકો છો.

2. તેના બાદ, કાન્ટાર (Kantar) તમારો સંપર્ક કરશે જેથી ટીવી મીટરિંગ સાધનો ઇન્સ્ટૉલ કરવા માટે પસંદગીનો સમય ગોઠવાઇ શકે.

જો આપને કોઈ પણ પ્રશ્નો હોય તો આપ અમારા હૅલ્પલાઇન નંબર **0808 129 6827** પર સંપર્ક કરી શકો છો.

વધુ વિગતવાર માહિતી અમારી વેબસાઇટ પર મળી શકશે:

**www.shapingtv.co.uk**

BARB BROADCASTERS' AUDIENCE RESEARCH BOARD · Ipsos · RSMB · KANTAR